

# શ્રી. જયભિખ્ખુ

## જીવન-કવન

# કલકત્તામાં ષષ્ટિપૂર્તિ સમારંભ

[ કલકત્તા ખાતે ૨૧મી એપ્રિલ ૧૯૬૮ના રોજ કલકત્તામાં વસતા ગુજરાતી સમાજ તરફથી શ્રી જયભિખ્ખુનું રવીન્દ્ર સદનમાં બહુમાન કરવામાં આવ્યું હતું અને તે પ્રસંગે રૂ. ૨૫૦૦૦)ની થેલી અર્પણ કરવામાં આવી હતી. જે શ્રી જયભિખ્ખુએ 'શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ'ને આપી દીધી હતી. આ અવિસ્મરણીય પ્રસંગે શુભેચ્છાદર્શક તાર અને પત્રોની વર્ષા થઈ હતી, તેમાંથી કેટલાકના અંશો અહીં ઉદ્ધૃત કર્યા છે. ]

✿ **ભાઈશ્રી** બાલાભાઈએ આખી જિંદગી પ્રજા સામે પોતાના સુવિચારો ઢગલાબંધ ઠાલવ્યા છે અને એ શકિત પ્રભુએ તેમને આપી છે. આ માટે હું તેમને ધન્યવાદ આપું છું. તેઓ શુભ વિચારો પ્રજાને આપતા રહે અને દીર્ઘાયુષી થાય એવી શુભેચ્છા

—પૂ. રવિશંકર મહારાજ

✿ **શ્રી જયભિખ્ખુ** ભાવનારંગી ચિત્રો પ્રજા આગળ મૂકતા રહીને બહોળા એવા વાચકવર્ગની ચાહના મેળવી ચૂકયા છે બાળકો અને કુમારો માટેના સાહિત્યથી પણ તેઓ તે વર્ગમાં વધુ પ્રિય નીવડયા છે. તમારી સારસ્વત કળા સોળે કળાએ ખીલો એ જ ષષ્ટિપૂર્તિ પ્રસંગ હૃદયપૂર્વકની અભ્યર્થના.

ઉપકુલપતિ : ગુ. યુનિવર્સિટી —કવિવર્ય શ્રી ઉમાશંકર જોષી

✿ **શ્રી જયભિખ્ખુનું** સન્માન તે કોઈ વ્યક્તિનું સન્માન નથી, પરંતુ ગુજરાતી સાહિત્યસર્જનમાં જે ઉચ્ચ નૈતિક મૂલ્યો ઉપર તેમણે ભાર મૂકયો છે, તે સરાહનીય તત્ત્વનું સન્માન છે. સામાજિક જીવનમાં નીતિમત્તાનું પ્રમાણ આજે ઘટી રહ્યું છે, ત્યારે આવા પ્રેરણાદાયી સાહિત્યની આવશ્યકતા અનેક ગણી વધી જાય છે.

ભૂતપૂર્વ નાણાપ્રધાન : સૌરાષ્ટ્ર રાજ્ય —જગુભાઈ પરીખ

✿ **શ્રી જયભિખ્ખુની** લેખિનીમાંથી વર્ષોથી પ્રજાને વિશુદ્ધને પથે દોરવે એવું સાહિત્ય અખંડ નિર્ઝરતું રહ્યું છે. તેની વિશિષ્ટતા એ છે કે તેમણે બાળકો માટે વાર્તાઓ રૂપે લખ્યું છે, મધ્યમ કક્ષાના લોકોને માટે પણ લખ્યું છે: અને ઉચ્ચ શ્રેણીના વિદ્વદ્જનો માટે પણ લખ્યું છે અને સૌને જીવન વિશુદ્ધિનો સંદેશ સમાન સામર્થ્યથી પહોંચાડયો છે. તેમની શૈલી એવી મનોરમ છે અને તેમનું Presentation હૃદય-સ્પર્શી કલાભર્યું છે. મને લાગે છે કે તેમની શ્રેષ્ઠ કૃતિઓની ચૂંટણી કરી, તેને અંગ્રેજી ભાષા દ્વારા જગતભરમાં જો પ્રસારિત કરવામાં આવે તો દેશપરદેશને પણ તેમની શૈલી મોહમુગ્ધ કરશે. આ International યુગ છે: તેમાં શ્રી જયભિખ્ખુની ઉત્તમ સેવા તે તેમને અંગ્રેજી દ્વારા વ્યાપક પ્રચાર આપવાની જરૂર છે.

—પ્રો. રવિશંકર મ. જોષી

# શ્રી જયભિખ્ખુ

[ જીવન અને કવન ]

पढ़ना मेरे नामे को, जरा देखभाल के ।
रख दिया है कलेजा, कागज पे निकाल के ॥

विद्वत्त्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ।।

[રાજા અને વિદ્વાનની સરખામણી કદી કરશો નહિ, કારણ કે રાજા પોતાના દેશમાં પૂજાય છે, વિદ્વાન સર્વત્ર સન્માનને પાત્ર થાય છે.]

જિંદાદિલીને જીવન માનનાર ને માનવતાનો મધુર સંદેશ આપતું સાહિત્ય સર્જનાર શ્રી જયભિખ્ખુએ વિ. સં. ૨૦૨૩ના જેઠ વદ તેરસ, તા. ૫ જુલાઈ, ૧૯૬૭ના રોજ સાઠમા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

શ્રી જયભિખ્ખુનું સમગ્ર જીવન કલમના ખોળે વ્યતીત થયું છે. તેઓએ મા ગુર્જરીને ચરણે એકંદરે ત્રણસો જેટલી નાનીમોટી કૃતિઓ ભેટ ધરીને ગુજરાતની જનતાના હૃદયમાં સ્નેહ અને આદરભર્યું સ્થાન મેળવ્યું છે. તેઓને ભારત સરકાર અને ગુજરાત સરકાર તરફથી પંદરેક ઇનામો મળેલાં છે. તેમને અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળે સને ૧૯૫૫ માં સ્વ. સાક્ષરવર્ય દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીના પ્રમુખપદે મુંબઈમાં સુવર્ણચંદ્રક પણ એનાયત કર્યો હતો. તેમનું સાહિત્ય તંદુરસ્ત જીવનદૃષ્ટિ પ્રેરે તેવું હોય છે. તે દ્વારા તેમણે ધર્મ, સમાજ અને દેશની ઉત્તમ સેવા બજાવી છે.

પ્રાચીન કાળમાં થયેલ મહાન કવિ દંડીએ કહ્યું છે કે 'ગદ્યં કવીનાં નિકષં વદન્તિ'–ગદ્ય કવિઓની કસોટી છે. આવા ઉત્તમ કોટીના ગદ્યથી અને પોતાની આગવી મનમોહક શૈલીથી શ્રી જયભિખ્ખુએ ગુજરાતના એક લોકપ્રિય

વાર્તાકાર તરીકે નામના મેળવી છે.

શ્રી જયભિખ્ખુનું મૂળ વતન સૌરાષ્ટ્રનું સાયલા (લાલા ભગતનું) ગામ છે. અને લેખક તરીકેનો વ્યવસાય શરૂ કર્યો ત્યારથી (સને ૧૯૩૩થી) તેઓ અમદાવાદમાં રહે છે. તેમના પિતાશ્રીનું નામ શ્રી વીરચંદ હેમચંદ દેસાઈ અને માતાનું નામ પાર્વતીબાઈ હતું. તેમનો જન્મ વિ. સં. ૧૯૬૪ના જેઠ વદ તેરસ ને શુક્રવાર તા. ૨૬મી જૂન ૧૯૦૮ના રોજ સવારના સાત વાગે તેમના મોસાળ વીંછિયા (સૌરાષ્ટ્ર)માં થયો હતો. ચાર વર્ષની ઉંમરે તેમની માતાનું અવસાન થયું હતું.

શ્રી જયભિખ્ખુનાં ત્રણ નામ છે: કુટુંબમાં તેઓ ભીખાભાઈના હુલામણા નામથી ઓળખાય છે; સ્નેહીઓમાં તેઓ બાલાભાઈ તરીકે જાણીતા છે અને સાહિત્યકાર તરીકે જનતા તેમને 'જયભિખ્ખુ'ના તખલ્લુસથી ઓળખે છે.

શ્રી જયભિખ્ખુનાં લગ્ન રાણપુરના શેઠ કુટુંબનાં પુત્રી શ્રી વિજયાબહેન સાથે સને ૧૯૩૦ની તેરમી મે–વૈશાખ વદ એકમના રોજ થયાં હતાં. તેમનું તખલ્લુસ તેમના અને તેમનાં પત્નીના નામના સુમેળથી બન્યું છે. વિજયાબહેન-માંથી 'જય' શબ્દ અને ભીખાલાલમાંથી 'ભિખ્ખુ'– એમ મળીને જયભિખ્ખુ બન્યું છે. આ તખલ્લુસ તેમના દાંપત્યનું પ્રતીક છે. તેમનું ગૃહજીવન મધુર આતિથ્ય અને ઉદાત્ત સંસ્કારથી હંમેશા મહેકી રહ્યું છે. એની પાછળ તેમનાં પત્ની શ્રીમતી જયાબહેનની પ્રેરણા અને પરિશ્રમ રહેલાં છે.

બાળપણમાં જ માતા ગુજરી જવાથી શ્રી જય-ભિખ્ખુનું બાળપણ તેમના મોસાળ વીંછિયામાં વીત્યું હતું. તેમના પિતાશ્રી ઉત્તર ગુજરાતમાં આવેલા સાબરકાંઠાના

વરસોડા રાજયના અને પાછલાં વર્ષોમાં નાના ભાયાતોના કારભારી હતા. પિતાશ્રીએ અભ્યાસ તો ગુજરાતી ચાર ચોપડીઓ સુધી જ કરેલો, પણ તેમનું કાયદાગત લખાણ ભલભલા વકીલોને પણ પ્રેરણા આપે તેવું હતું. પોતાની કુનેહ અને કાર્યકુશળતાને લીધે એમણે એક શક્તિશાળી કારભારી તરીકે નામના મેળવી હતી. તેઓ દિલગજાવાળા, નીડર, અતિથિપ્રેમી, સ્વમાની તથા કુટુંબવત્સલ પુરુષ હતા. પોતાના વભાવાળા કુટુંબની ડગમગી ગયેલી સ્થિતિને તેઓએ ફરી સ્થિર કરી હતી. પિતાની આ શક્તિઓ શ્રી જયભિખ્ખુને વારસામાં મળી છે.

શ્રી જયભિખ્ખુએ પ્રાથમિક અભ્યાસ વીજાપુર પાસે આવેલા વરસોડામાં કરેલો અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો માધ્યમિક અભ્યાસ અમદાવાદની ટ્યુટોરિયલ હાઈસ્કૂલમાં કરેલો. પછી તેઓ મુંબઈ ખાતે સ્વ. આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીએ સ્થાપેલ સંસ્થા શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળમાં દાખલ થયા હતા.

આ સંસ્થાએ સ્થાનફેર કર્યું ત્યારે તેઓ તેની સાથેસાથે કાશી અભ્યાસ કરવા ગયા. ત્યાંથી આગ્રા અને છેવટે ગ્વાલિયર રાજ્યમાંના વનશ્રીથી ભરપૂર શિવપુરીમાં સંસ્થા સ્થિર થતાં એ ગુરુકુળમાં રહી એમણે આઠ–નવ વર્ષ સુધી સંસ્કૃત, હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો.

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન દર્શનનું અધ્યાપન એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો. જૈન દર્શનનો અભ્યાસ કરીને તેમણે કલકત્તા સંસ્કૃત એસોસિયેશનની 'ન્યાયતીર્થ'ની અને ગુરુકુળની 'તર્કભૂષણ'ની પદવીઓ પ્રાપ્ત કરી. સંસ્કૃત કાવ્યો અને નાટકોનો અભ્યાસ પણ આ સમયે જ કર્યો.

ગુરુકુળમાં યુરોપિયન વિદ્વાનો અભ્યાસ અને નિરીક્ષણ માટે આવતા. ડૉ. ક્રાઉઝે નામનાં વિદુષી જર્મન બહેન વર્ષો સુધી આ સંસ્થામાં રહેલાં. આ બધા વિદ્વાનોના સમાગમને કારણે પરદેશી સાહિત્ય અને સંસ્કારના સહજ પરિચયમાં આવવાનું બન્યું. એ રીતે દૃષ્ટિને વિશાળતા લાધી.

ગુરુકુળના સ્થાપકનો ઉદ્દેશ ધર્મપ્રચાર માટે યુરોપમાં વ્યાખ્યાતાઓ મોકલવાનો હતો. આ માટે શ્રી જયભિખ્ખુને મોકલવાની તૈયારીઓ ચાલતી હતી, પણ પાછળથી મતભેદને કારણે વાત અડધે રસ્તે રહી.

કથાવાર્તાઓ વાંચવાનો શ્રી જયભિખ્ખુને બાળપણથી જ ભારે રસ. અભ્યાસનું પુસ્તક વાંચવું ભલે પડ્યું રહે, પણ વાર્તાની કોઈ નવી ચોપડી હાથ પડી કે એને પૂરી કર્યે જ છૂટકો. દર્શનશાસ્ત્રનો માથાફોડિયો અભ્યાસ ચાલતો હોય કે ન્યાયતીર્થની પરીક્ષાની તૈયારી કરવાની હોય, પણ એમનો આ રસ કદી ઓછો ન થાય—ગમે ત્યાંથી સમય 'ચોરી'ને આ રસનું પાન કરે ત્યારે જ એમને તૃપ્તિ થાય.

કેવળ આવું મનગમતું સાહિત્ય વાંચવાથી જ તેઓ સંતોષ માનતા એવું પણ નહીં; એ વાંચતાં વાંચતાં જે નોંધવા જેવું લાગે તેની નોંધ પણ કરી જ લે. આવી નોંધોની એમની પાસે નોટોની નોટો ભરેલી છે. બાર-તેર વર્ષની કુમળી વયે તો એમણે 'સરસ્વતીચંદ્ર' એક કરતાં વધુ વાર વાંચી લીધેલું. એનાં પાત્રો સાથે તો એમણે જાણે એ બધાં સ્વજનો જ હોય એવું તાદાત્મ્ય સાધેલું. 'સરસ્વતીચંદ્ર'ના ચાર ભાગ મેળવવા એમણે એક સાધુ-પુરુષનું ચરિત્ર લખવાનું સ્વીકારેલું ને એ રીતે એ ગ્રંથ મેળવેલા. આમ 'સરસ્વતીચંદ્ર' એ બચપણથી જ એમનો પ્રિય ગ્રંથ છે અને સાહિત્યકાર તરીકેનો આદર્શ પણ એમણે

સાક્ષરવર્ય શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી પાસેથી લીધેલો છે.

બાળપણ વીંછિયામાં (સૌરાષ્ટ્રમાં), કિશોર અવસ્થા વરસોડા (ગુજરાત) માં–જેને જર્મન વિદુષી ડૉ. ક્રાઉઝેએ પોતાની મુલાકાતમાં હોલીવુડ જેવું કહેલું; અને વિદ્યાર્થી-અવસ્થા શિવપુરી (સી. પી.)ના કુદરતી સૌંદર્યથી ભર્યાભર્યા મુક્ત વાતાવરણમાં પસાર થયું હોવાથી શ્રી જયભિખ્ખુને જીવનમાં એક પ્રકારની મસ્તી ને સાહસિકતા સાંપડી છે. ગમે તેવી ચિંતાજનક પરિસ્થિતિમાં પણ તેઓ આનંદી રહી શકે છે અને પોતાની આસપાસના વાતાવરણને મઘમઘતું રાખે છે. એમની આ મસ્તીની છાપ એમના સાહિત્ય-સર્જનમાં પણ સ્પષ્ટ વરતાય છે. પોતાના ઘડતરમાં, તેઓ માને છે કે, ભણતર કરતાં ગુરુજનોની સેવાના બદલામાં મળેલી પ્રેમાશિષ, વાંચન કરતાં વિશાળ દુનિયા સાથેનો જીવંત પરિચય અને પુસ્તક કરતાં પ્રકૃતિ દ્વારા મળેલી પ્રેરણા વધુ કાર્યક્ષમ નીવડી છે.

શ્રી જયભિખ્ખુની સૌથી પહેલી નાની સરખી સાહિત્ય-કૃતિ 'ભિક્ષુ સાયલાકર'ના તખલ્લુસથી ઈ. સ. ૧૯૨૯ માં લખાયેલી. તેમાં એમણે પોતાના ગુરુ સ્વ. શ્રી વિજયધર્મસૂરિજીનું જીવનચરિત્ર આલેખ્યું હતું. ગુરુચરણે સમર્પણ કરીને ચાલુ કરેલી એમની કલમને સાચે જ ગુરુના અમોઘ આશીર્વાદ લાધી ગયા અને સંસ્કૃત ભાષા તથા દર્શનશાસ્ત્રનો વિદ્વાન બનીને બહાર પડનાર યુવાન 'પંડિત' કે 'માસ્તર'ના રસહીન અને કસહીન વ્યવસાયમાં સપડાઈ જવાને બદલે ગુર્જરભાષાને સમૃદ્ધ બનાવનાર રસકસભર્યા સાહિત્યનો સર્જક બની ગયો.

શ્રી જયભિખ્ખુના વ્યવસાયી જીવનને ઘાટ આપવામાં જે બાબતે અગત્યનો ભાગ ભજવ્યો છે તે આ છે.

તેઓ 'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપવા કલકત્તા ગયા હતા અને કેનિંગ સ્ટ્રીટમાં ઊતર્યા હતા. આ વખતે અભ્યાસ પૂરો થતો હોવાથી અને ભાવિ જીવનનો વિચાર કરવાનો સમય આવી પહોંચ્યો હોવાથી તેમણે સ્વયં ત્રણ નિર્ણયો લીધા :

૧. નોકરી કરવી નહીં.

૨. પૈતૃક સંપત્તિ લેવી નહીં.

૩. કલમના આશરે જીવવું.

સ્વ. ગોવર્ધનરામે પણ આવા જ નિર્ણયો અભ્યાસ પૂરો કર્યા પછી કરેલા.

આ ત્રણ નિર્ણયોએ શ્રી ગોવર્ધનરામની માફક એમની પણ કસોટી કરી, અને બીજી પ્રતિજ્ઞા સાચવવા જતાં પહેલી પ્રતિજ્ઞાને સાતઆઠ વર્ષ ઢીલી પણ કરવી પડી. આ નિર્ણયોએ એમના ખમીરની કસોટી કરી, સાથે સાથે એમના જીવનમાં પ્રાણ પણ રેડ્યો.

આપકમાઈ અને આપમહેનતથી આજીવિકા રળવાની તમન્ના શ્રી જયભિખ્ખુના દિલમાં આ રીતે ઘર કરી રહી. 'તું તારો દીવો થા!' એ સૂત્રનું જીવન જીવવાના એ રસિયા હતા. લગ્ન થઈ ચૂક્યાં હતાં, અને ૨૪–૨૫ વર્ષની યુવાનવયે આજીવિકાનો પંથ નક્કી કર્યા વગર છૂટકો ન હતો.

વૈશ્યપુત્ર સહેલાઈથી વેપાર તરફ ખેંચાઈ જાય; રજવાડી વાતાવરણ રાજની નોકરીમાં ખેંચે; ગુરુકુળનું શિક્ષણ પાઠશાળાનો નિરુપદ્રવી જીવ (માસ્તર) બનવા પ્રેરે; પણ મા શારદાની સેવા–ઉપાસનાનું જીવન જીવવાની જયભિખ્ખુમાં દૃઢ નિષ્ઠા હતી. સ્વમાન, સાહસ અને સાહિત્યકાર બનવાની તમન્ના તેમના સ્વભાવમાં મૂળથી જ તાણાવાણાની જેમ વણાયેલાં હતાં, એટલે એમણે અસ્થિર આવકવાળી લેખકની સ્વતંત્ર કામગીરી પસંદ કરી.

કલમને ખોળે માથું મૂકી મા સરસ્વતી જે ઓછું-વધુ આપે તેથી જીવનનિર્વાહ કરવાનો શ્રી જયભિખ્ખુએ નિર્ણય કર્યો તે સાલ સને ૧૯૩૩ની. આ વખતે શ્રી જયભિખ્ખુ અમદાવાદ આવ્યા હતા ને સ્થિર થવાનો પ્રયત્ન કરતા હતા. આજીવિકાના સાધન તરીકે માત્ર લેખક તરીકેનો વ્યવસાય સ્વીકારવાથી જે કષ્ટ સહન કરવાનું આવે છે તેનો ઠીક ઠીક અનુભવ થઈ ગયો. શરૂઆતમાં તો તેમનું લેખક-જીવન તપશ્ચર્યા જેવું આકરું નીવડ્યું એમ કહી શકાય.

પોતાનો અનુભવ કહેતાં શ્રી જયભિખ્ખુ કહે છે કે ઉખર જમીનમાં જે વૃક્ષ વાવ્યું તેને ઉછેરતાં કાળી કસોટી થઈ, પણ અંતે તેના પર ફૂલ આવ્યાં, એની સુગંધથી મન મહેકી રહ્યું ને લાંબે ગાળે એનાં સુસ્વાદુ ફળ પણ મળ્યાં.

સતત ચાળીસ વર્ષની કલમની ઉપાસનાએ એમની કીર્તિને ઉજાળી છે અને એમના જીવનને વિકાસશીલ બનાવ્યું છે. સરસ્વતીને ખોળે માથું મૂકનાર જો થોડોક સંતોષી અને સહનશીલ હોય તો માતા સરસ્વતી એની પૂરેપૂરી ભાળ રાખ્યા વિના રહેતી નથી, એ વાતની શ્રી જયભિખ્ખુનું જીવન ગવાહી પૂરે છે.

શ્રી જયભિખ્ખુએ સાહિત્યના ઘણા પ્રકારો ખેડ્યા છે. કારકિર્દીનો આરંભ પત્રકાર તરીકે કરીને એમણે ઐતિહાસિક, સામાજિક અને પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ, સાહસકથાઓ, નાટિકાઓ ને મોટાં-નાનાં અનેક જીવન-ચરિત્રો લખ્યાં છે અને આ આંકડો નાનાં-મોટાં થઈને ત્રણસો સુધી પહોંચ્યો છે.

પોતાના લખાણનું વસ્તુ પસંદ કરવામાં શ્રી જયભિખ્ખુ મુખ્યત્વે બે વાતનો વિચાર કરે છે : એક તો એમાં રસને ઝીલવાનું કેટલું સામર્થ્ય છે તે; અને બીજું, એમાં

માનવતાનું દર્શન કેટલે અંશે થાય છે તે.

આ બે તત્ત્વો મળ્યાં, પછી એ કથા રસસભર અને હૃદયસ્પર્શી બની જ સમજો. કેવળ શ્રદ્ધાને બળે જ ગળે ઊતરી શકે એવા પૌરાણિક કથાપ્રસંગોને હૃદયસ્પર્શી અને બુદ્ધિગમ્ય ઢબે રજૂ કરવાની શ્રી જયભિખ્ખુની રીત સાવ અનોખી છે. મતલબ કે કથાવસ્તુ કે કથાપ્રસંગ કદાચ નાનો કે નજીવો હોય, પણ જો એમાં માનવતાનું તત્ત્વ ભર્યું હોય તો તેઓ સહજ રીતે વામનમાંથી વિરાટ સર્જન કરી શકે છે.

એમણે જૈન વસ્તુને આધારે અનેક નવલકથાઓ, નવલિકાઓ તેમ જ નાટિકાઓ લખી હોવા છતાં તેમના વિશાળ વાચકવર્ગમાં જૈનેતર વાચકોની સંખ્યા જૈનો કરતાં ઓછી નહિ બલકે વધુ છે, એ એમની આગવી લેખન-શૈલી અને વસ્તુનિરૂપણની પદ્ધતિની વિરલ વિશેષતા છે. અને તેનું ખાસ કારણ એ છે કે એમનાં લખાણોમાં ક્યાંય સાંપ્રદાયિક અભિનિવેશ જોવા મળતો નથી. તેઓ જૈન, બૌદ્ધ ને બ્રાહ્મણ ધર્મને આર્યસંસ્કૃતિનાં સમર્થ અંગ લેખે છે, અને એ રીતે જ એને આલેખે છે.

કોઈ પણ સરસ્વતીપુત્ર અને કળાકાર—ભલે પછી એ પીઢ હોય કે નવોદિત હોય—એને હેતપૂર્વક સન્માનવામાં એ પોતાનું ગૌરવ માને છે. પ્રતિષ્ઠા ઝઘડાથી નહીં, શ્રમથી મળે છે અને કળા તો પ્રભુદીધી હોય છે, તેમ તેઓ માને છે.

શ્રી જયભિખ્ખુનું પ્રારંભિક જીવન પત્રકાર તરીકે પસાર થયું છે. વર્ષો લગી એમની વેધક કલમે 'જૈન જ્યોતિ' તથા 'વિદ્યાર્થી' સાપ્તાહિકમાં સમાજ અને આવતીકાલની આશા સમા નાગરિકો માટે પોતાની તેજસ્વી કલમ દ્વારા નવા વિચારો પીરસ્યા. મુંબઈના શ્રી. ઉષાકાન્ત

જે. પંડ્યાના પત્ર 'રવિવાર'માંના એમના લેખોએ અને વાર્તાઓએ પણ એમને આમજનતામાં લોકપ્રિય બનાવવામાં ઠીક ઠીક ફાળો આપ્યો છે, એમ નોંધવું જોઈએ.

આ ઉપરાંત ગુજરાતના સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત સમાચાર'માં ખૂબ ખ્યાતિ પામેલ 'ઈંટ અને ઇમારત'ની કટારે એમને જનતાની ખૂબ ચાહના મેળવી આપી છે. જીવનને પ્રેરે તેવી એક વાર્તા કે લેખ, કથા દ્વારા સાદી રીતે રાજકારણની ચર્ચા અને ઉર્દૂ શેરની વાનગી એ તે કોલમની વિશિષ્ટતા છે.

'ગુજરાત સમાચાર' સંસ્થાના વિખ્યાત બાલ સાપ્તાહિક 'ઝગમગ'માં પણ તેઓ વર્ષોથી લખે છે; ને મુખ્યત્વે પહેલું પાનું તેમના નામથી અંકિત હોય છે. સૌરાષ્ટ્રનાં માતબર દૈનિકો 'જયહિંદ' અને 'ફૂલછાબ'માં ધારાવાહી નવલકથાઓ તથા લેખો પ્રગટ થયેલાં છે. ગુજરાતનાં અન્ય માસિકો ને સામયિકો, જેવાં કે 'અખંડઆનંદ', 'જનકલ્યાણ'માં પણ તેઓ યથાવકાશ લખતા રહે છે. નડિયાદથી પ્રસિદ્ધ થતા સાપ્તાહિક ગુજરાત ટાઇમ્સમાં 'ન ફૂલ–ન કાંટા' નામની કટાર પણ વાચકો પર કામણ કરનાર નીવડી છે.

બીજું એક નામ પણ અહીં ખાસ ભારપૂર્વક નોંધવું જોઈએ. ગુજરાતની પ્રસિદ્ધ પ્રકાશનસંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે શ્રી જયભિખ્ખુને પ્રારંભથી પ્રેમપૂર્વક અપનાવી લીધા અને લગભગ મોટા ભાગનાં તેમનાં પુસ્તકો તેઓએ પ્રગટ કર્યાં છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના પ્રેસ શારદા મુદ્રણાલયનું પણ તેમણે આંખોની તકલીફ ઊભી થઈ ત્યાં સુધી કુશળતાથી સંચાલન કર્યું છે. કલમના આ કસબી મુદ્રણકળાના પણ નિષ્ણાત છે.

શ્રી જયભિખ્ખુ ડાયરો જમાવનાર માણસ છે, ને એમનો ડાયરો વખણાય છે. પદ્મશ્રી દુલા કાગ, સ્વ. સાક્ષર વર્ય શ્રી ધૂમકેતુ, સ્વ. શ્રી. મેઘાણી, સ્વ. શ્રી ગુણવંતરાય આચાર્ય, શ્રી કનુભાઈ દેસાઈ, ડૉ. ધીરુભાઈ ઠાકર, શ્રી રતિલાલ દેસાઈ, શ્રી નાનુભાઈ શાસ્ત્રી, શ્રી રમણીકલાલ દલાલ, સોમાલાલ શાહ, શ્રી. ગોવિંદલાલ પટેલ, ચિત્રકાર શ્રી ચંદ્ર, દીપક પ્રિન્ટરીના સંચાલકો વગેરે એના વણનોંધ્યા સભ્યો હતા. આ ડાયરાનાં અનેક સુફળો પ્રાપ્ત થયાં છે. એવું એક સુફળ તે શ્રી જીવન-મણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ. એ ડાયરામાં એક વખત વિદ્યાપ્રેમી શ્રેષ્ઠીવર્ય શ્રી લાલભાઈ મણિલાલ શાહ હાજર હતા ને શ્રી જયભિખ્ખુએ રસભરી, નીતિ-પોષક ને સસ્તી વાચનમાળાનો વિચાર રજૂ કર્યો. પૂર્વ સંસ્કાર હશે કે એ વિચારબીજે શ્રી લાલભાઈના હૃદયમાં અંકુર પ્રગટાવ્યા ને શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ નો જન્મ થયો. આજે એનો એક દશકો પૂરો થયો છે ને આ વાચનમાળાએ અનેક સુંદર પુસ્તકો સમાજને ચરણે ભેટ ધરીને એક સંસ્કારવર્ધક, ઉત્તમ અને મનમોહક વાચનમાળા તરીકે સારી ચાહના મેળવી છે.

શ્રી જયભિખ્ખુ એક વાતની ખૂબ રસભેર નોંધ કરે છે, અને તે ગુજરાતના મશહૂર ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈ સાથેની મૈત્રીની. આ મૈત્રીએ શ્રી જયભિખ્ખુને મુદ્રણકલા તરફ પ્રેર્યા ને પેપર કંટ્રોલ આવતાં આ કલા તેમના માટે ખૂબ મહત્ત્વની બની ગઈ.

શ્રી કનુ દેસાઈએ ફિલ્મી જગતના કલાનિદર્શક તરીકે પ્રવેશ કર્યો ત્યારે તેમના આ મિત્રે ‘ પ્રેમભક્ત કવિ જયદેવ ’ નામની નવલકથા લખી. શ્રી કનુભાઈએ એ કથા પરથી ‘ગીતગોવિંદ’ નામનું ચિત્રપટ પણ તૈયાર કર્યું હતું.

શ્રી જયભિખ્ખુનું ઘડતર મધ્યપ્રદેશમાં થયું હોવાથી

હિંદી ભાષા પર તેમને એ વખતે સારો કાબૂ હતો. મુંબઈ-ના ફિલ્મ જગતમાં સ્થાન મળી જાય તેવી શક્યતા પણ હતી, પણ ગુરુકુળના એકાંતપ્રિય આત્માને આવું ધમાલિયું જીવન ન રુચ્યું.

શ્રી જયભિખ્ખુએ પોતાની કલમને સાંપ્રદાયિક અભિનિવેશ માટે નહીં, પણ માનવતાના મુક્ત વાતાવરણને બહેલાવવામાં વાપરી છે. 'કામવિજેતા' અને 'સંસાર-સેતુ' એનાં જીવંત ઉદાહરણો છે. એ પુસ્તકો પ્રગટ થયાં ત્યારે પ્રો. રવિશંકર જોષી અને શ્રી સુંદરમ્ જેવા રસજ્ઞો-એ એની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

જૈન કથાઓ એટલે મોટેભાગે અંધશ્રદ્ધાથી વાંચી શકાય એવી ચમત્કારભરી વાતો અથવા કેવળ શુષ્ક વૈરાગ્ય અને ત્યાગની જ વાતો, એવી સામાન્ય જનતામાં વર્ષોથી ઘર કરી બેઠેલી લાગણીઓનું પરિમાર્જન કરીને શ્રી જયભિખ્ખુએ જૈન કથાઓને ઘેર–ઘેર, શિક્ષિતો અને સામાન્ય જનતા બંનેમાં વંચાતી કરી દીધી છે.

શ્રી જયભિખ્ખુએ સહેજ પણ સાંપ્રદાયિકતા વગર પોતાનું સાહિત્ય સર્જી સમાજને એ બતાવ્યું છે કે જેમ હિંદુ સાહિત્ય, બૌદ્ધ સાહિત્ય કે અન્ય સાહિત્ય છે તેમ જૈન સાહિત્ય પણ પોતાની ખૂબીઓ સાથે મૌજૂદ છે; એનો અભ્યાસ કરતાં સહેજ પણ આભડછેટ રાખવાની જરૂર નથી; આર્યસંસ્કૃતિનાં એ એકમેકનાં પૂરક અંગો છે.

શ્રી જયભિખ્ખુને કિશોરવયમાં સાહિત્યનો શોખ લગાડનાર અને લેખનની પ્રેરણા આપનાર એક બહેન હતાં, જેમનું ઋણ તેઓ અવારનવાર યાદ કરે છે. બીજું, તેમને સાહસ અને જિંદાદિલીનો રસકટોરો પાનાર તેમના દિલો-જાન દોસ્ત પઠાણ ખાન શાહઝરીન હતા. 'ગઈગુજરી',

'એક કદમ આગે', 'હિંમતે મર્દા', 'માઈનો લાલ' વગેરે જવાંમર્દ શ્રેણીની સાહસકથાઓમાં તેમના એ પ્રકારના અનુભવોનું સચોટ નિરૂપણ છે. કિશોરોને મસ્ત જીવનરસ પાય તેવી આ પ્રેરકકથાઓ તેમનું મહત્ત્વનું સાહિત્યિક અર્પણ છે.

એ જ રીતે તેમણે પંચતંત્રની શૈલીમાં લખેલી હિંદુ, બૌદ્ધ, જૈન વગેરે ધર્મોની પ્રાણીકથાઓ તેમની વાર્તાકલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે.

નવલકથાના ખેડાણે તેમનો સાહિત્યક્ષેત્રે વ્યવસ્થિત પ્રવેશ કરાવ્યો એમ કહી શકાય. 'ભગવાન ઋષભદેવ', 'ચક્રવર્તી ભરતદેવ', 'નરકેશ્વરી વા નરકેસરી', 'સંસારસેતુ', 'કામવિજેતા', 'પ્રેમાવતાર' વગેરે તેમની નવલકથાઓ છે. તેમણે સજીવ શૈલીમાં કેટલાંક ચરિત્રો લખ્યાં છે. વિદ્યાર્થી વાચનમાળામાં આપેલા ટૂંકાં પણ પ્રમાણભૂત અને પ્રેરક ચરિત્રો ઉપરાંત તેમણે 'શ્રી ચારિત્રવિજય', 'યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વર' તથા 'નિર્ગ્રંથ ભગવાન મહાવીર'નાં બૃહત્ ચરિત્રો પણ આપ્યાં છે.

તેમની કથનશૈલી હમેશાં સચોટ અને સરસ હોય છે એટલે એમના લખાણમાં ક્યાંય નીરસતા જોવા નહીં મળે. હૃદયસ્પર્શી માધુર્ય એ જ એમની કલમની પ્રસાદી છે. જે વસ્તુ રસસભર અને આકર્ષક નિરૂપણને યોગ્ય ન હોય તે વસ્તુ તેમને આકર્ષી શકતી નથી. આથી એમણે પસંદ કરેલ કથાવસ્તુ તેમની કલમનો સ્પર્શ પામે કે તરત જ રસસંભૃત બની જાય છે.

તેમની નવલકથાઓ જૈનોમાં આદર પામી, તે પહેલાં જૈનેતરોમાં પૂરતો આદર પામી ચૂકી હતી. તેમની એક નવલકથા પંદર કે વીસ વખત વાંચનારા પણ આજે મળી આવે છે.

શ્રી જયભિખ્ખુને પોતાનો આગવો વાચકવર્ગ છે, જે પુસ્તક માગીને નહીં પણ ખરીદીને વાંચે છે. શ્રી જયભિખ્ખુના સાહિત્યને જૈન કહેવાને બદલે આમસમુદાય-નું સાહિત્ય કહેવું જોઈએ. તેમનો અભ્યાસ તેમને જૈન ને જૈનેતર બંને સાહિત્યમાં આગળ લઈ જાય તેમ છે. 'પ્રેમભક્ત કવિ જયદેવ', 'બૂરો દેવળ', 'માદરે વતન', 'યાદવાસ્થળી' વગેરે પુસ્તકો એનાં દૃષ્ટાંતો છે.

અમદાવાદ ખાતે શ્રી પુનિત મહારાજ દ્વારા સંચાલિત 'જનકલ્યાણ' પત્રની સમિતિમાં તેમનું સ્થાન અને સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી પ્રગટ થતા 'અખંડ આનંદ'માં તેમની વાર્તાઓ એમનો સર્વધર્મપ્રેમ બતાવે છે.

શ્રી જયભિખ્ખુની કથાઓ હિંદીભાષી પ્રદેશમાં પણ લોકપ્રિય બનતી જાય છે. રાષ્ટ્રભાષામાં તેમના બે કથા-સંગ્રહો ને એક ચરિત્રના અનુવાદો પ્રગટ થયા છે. આમાંના એક પુસ્તકને ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જેવા વિદ્વાને પ્રસ્તાવનાથી વધાવ્યું છે. એમની એક નવલકથા સસ્તા સાહિત્ય મંડળ તરફથી અનુવાદિત થઈને પ્રગટ થઈ રહી છે. શ્રી જયભિખ્ખુની વાર્તાઓ કન્નડ અને તેલુગુમાં પણ અવતાર પામી રહી છે.

શ્રી જયભિખ્ખુ પાસે જેમ એમનાં વિચારો અને ઊર્મિઓને વાચા આપી શકે એવી ભાષા છે, તેમ એ ભાષાને સુરેખ રૂપમાં લિપિબદ્ધ કરી શકે એવી મોતીના દાણા જેવા અક્ષરો પાડવાની હથોટી છે. લખાણની લીટી પણ એવી કે જાણે છાપેલી જ! અહીં એ જાણવું રસ-પ્રદ થઈ પડશે કે આજના ફાઉન્ટન પેનના યુગમાં પણ તેઓ હોલ્ડર અને ખડિયામાં જ રસ ધરાવે છે.

શ્રી જયભિખ્ખુ પોતાની નાની-મોટી કૃતિઓમાં ભારત સરકાર કે ગુજરાત સરકારનું ઇનામ મેળવનાર કદાચ અગ્રગણ્ય લેખક હશે. તેરથી પંદર કૃતિઓ પુરસ્કારને પાત્ર ઠરી છે. 'દિલના દીવા' નામના એક ૪૮ પાનાંના પુસ્તકને પ્રૌઢસાહિત્ય, બાલસાહિત્ય અને અંગ્રેજી અનુવાદ એમ ત્રણે રીતે પારિતોષિક મળ્યાં હતાં.

શ્રી જયભિખ્ખુએ સારી નાટિકાઓ પણ લખી છે. તેમની 'રસિયો વાલમ' નામની નાટિકા દિલ્હી ખાતે યૂથ ફેસ્ટીવલમાં પુરસ્કારપાત્ર ઠરી હતી. ને 'ગીતગોવિંદ નો ગાયક' નાટિકા અમદાવાદ રેડિયો ઘરે દશ્ય રીતે ભજવી હતી. વિખ્યાત કલાકાર શ્રી જયશંકર 'સુંદરી'એ તેનું દિગ્દર્શન કર્યું હતું. શ્રી જયભિખ્ખુની નાટિકાઓ શાળા-કૉલેજોમાં પણ ભજવાય છે.

ગુજરાતના સ્વર્ગસ્થ વડાપ્રધાન બળવંતરાય મહેતા-ના વખતમાં ગુજરાત ગેઝેટિયરની સમિતિમાં પણ તેમને નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ આકાશવાણી અને યુનિવર્સિટી વકતૃત્વ સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે વર્ષો સુધી કામ કરતા રહ્યા છે. જ્ઞાન-વિજ્ઞાનનાં અનેક ક્ષેત્રે શ્રી જયભિખ્ખુએ કાર્ય કર્યું છે.

પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓનાં સરકારમાન્ય પાઠ્યપુસ્તકોમાં પણ શ્રી જયભિખ્ખુના કર્તૃત્વનો ફાળો છે. તેઓએ પોતાના ગાઢ મિત્ર ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે ધોરણ ૧ થી ૮ સુધીની વાચનમાળા તરીકે 'સર્વોદય વાચનમાળા'ને 'સાહિત્યકિરણાવલી' તયાર કરી છે.

સાધુ અને સંતોના પણ તેઓ સ્નેહભાજન છે. પ્રખર વક્તા ને ચિંતક મુનિ શ્રી 'ચિત્રભાનુ', જામનગર

આણુદાબાવા આશ્રમના મહંત શ્રી શાંતિપ્રસાદજી, ગોસ્વામી મુગટલાલજી, મહાસતી ધનકુંવરબાઈ વગેરેની ગાઢ પ્રીતિ તેઓએ પ્રાપ્ત કરેલી છે. પૂ. શ્રી મોટાના તો એમને અનેક વાર આશીર્વાદ પ્રાપ્ત થયા છે.

વિધાતા કેટલીક વાર અજબ, આહ્લાદક અને જીવનસ્પર્શી સુમેળ મેળવી આપે છે આવો જ સુમેળ વિખ્યાત મહાન જાદુકલાવિદ શ્રી કે. લાલ અને શ્રી જયભિખ્ખુનો છે. શ્રી કે. લાલે જયભિખ્ખુને આકર્ષ્યા અને જયભિખ્ખુએ તેમને આકર્ષ્યા. કોણે કોના પર જાદુ કર્યું, તે કહેવાય તેમ નથી. પણ બંને અભિન્નહૃદયી બન્યા; બન્ને વચ્ચે ગાઢ આત્મીય સંબંધ સ્થાપિત થઈ ગયો. શ્રી જયભિખ્ખુ ભાવનગરની શ્રી યશોવિજય ગ્રંથમાળાના મંત્રી છે. સંસ્થાને તેઓએ શ્રી કે. લાલની વિદ્યા દ્વારા રૂપિયા ચાળીસેક હજાર જેટલી રકમ અપાવી પુનર્જીવન આપ્યું અને ગતિને પંથે મૂકી.

શ્રી જયભિખ્ખુની આંખોનાં તેજ કેટલાંક વર્ષથી કાળા મોતિયાના કારણે ઝંખવાયાં હતાં. શસ્ત્રક્રિયામાં પૂરું જોખમ હતું, પણ સીતાપુરની મશહૂર આંખની હૉસ્પિટલમાં સારવાર કરાવતાં એક આંખ સારી થઈ ગઈ છે. અને બીજી આંખ પણ આવી સારવારથી થોડા વખતમાં સારી થઈ જશે એવી શ્રદ્ધા છે. શસ્ત્રક્રિયા કરનાર ડૉ. પાહવા પ્રેમધર્મી દાક્તર છે. તેઓ આ માનવંતા દર્દીના મિત્ર બની રહ્યા છે.

આ દવાખાનાએ શ્રી જયભિખ્ખુને દેશસેવા કરનાર લેખક તરીકે માન આપી, સન્માન્ય અતિથિ તરીકે સારવાર કરી હતી. શ્રી જયભિખ્ખુએ સીતાપુરથી આવી ત્યાંની સેવાભાવી સંસ્થા અને પ્રેમધર્મી દાક્તરો વિશે ત્રણ–ચાર લેખ લખતાં ગુજરાતી જનતાએ રૂ. બે લાખનું દાન કર્યું, જેને પરિણામે સીતાપુરમાં ગુજરાત સ્પેશિયલ વૉર્ડની રચના થઈ રહી છે.

છેવટે એક વાતનો ઉલ્લેખ બસ થશે. આપણે ત્યાં કહેવત છે કે દીવે દીવો પેટાય; એ રીતે શ્રી જયભિખ્ખુના સુપુત્ર શ્રી કુમારપાળે કૉલેજના પ્રોફેસર હોવા સાથે લેખક તરીકે પણ સારી નામના મેળવી છે, અને ગુજરાત સરકારે ગયા વર્ષની એમની કૃતિ 'લાલ ગુલાબ' (જેની ત્રીસ હજાર નકલો ટૂંક સમયમાં વેચાઈ ગઈ હતી) અને આ વર્ષની કૃતિ 'ડાહ્યા ડમરા'ને ઈનામ આપી તેને વધાવી છે. શ્રી કુમારપાળ દેસાઈ ક્રિકેટ તેમ જ બીજી સ્પર્ધાઓના વિવેચક તરીકે વિશ્રુત છે. ગુજરાતના મશહૂર દૈનિક ગુજરાત સમાચાર, ઝગમગ, નવચેતન વગેરેના તેઓ નિયમિત લેખક છે.

શ્રી કુમારપાળ દેસાઈનાં પત્ની અ.સૌ. પ્રતિમાબહેન પણ ગ્રેજ્યુએટ છે ને પુત્રપાલન ને ઘરકામમાંથી નિવૃત્તિ મળતાં યથાશક્ય લેખનકાર્ય પણ કરે છે.

શ્રી જયભિખ્ખુના હૃદયમાં શીલ અને ચારિત્ર્ય માટે, ગુજરાત અને ભારતદેશ માટે ઉત્કટ પ્રેમ છે. તેમના સાહિત્યમાં એમની આ વતનપરસ્તી પ્રતીત થયા વિના રહેતી નથી. ગુજરાતી ભાષાને અને તેની દ્વારા મા ભારતીને તેમની પ્રતિભાનો વિશેષ પ્રકાશ ચિરકાળ મળ્યા કરે એવું નિરામય દીર્ઘાયુષ્ય તેમને પ્રાપ્ત થાઓ એ જ ભાવના !

★

# શ્રી. જયભિખ્ખુની કૃતિઓ

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| | **નવલકથાઓ** | | | |
| ૧ | ભાગ્યવિધાતા | ૧૫૪ | ૧૯૩૫ | ૧ |
| ૨ | કામવિજેતા | ૪૦૦ | ૧૯૪૧ | |
| | (પ્રસ્તાવ : પ્રો. રવિશંકર જોશી) | | | |
| ૩ | ભગવાન ઋષભદેવ | ૩૯૨ | ૧૯૪૭ | ૩ |
| | (પ્રસ્તાવ : શ્રી. સુશીલ) | | | |
| ૪ | ચક્રવર્તી ભરતદેવ | ૩૧૦ | ૧૯૫૩ | ૨ |
| | (પ્રસ્તાવ : શ્રી અમરચંદ્રજી મુનિ) | | | |
| ૫ | ભરત-બાહુબલી (રાજવિદ્રોહ) | ૩૨૮ | ૧૯૫૮ | ૨ |
| ૬ | પ્રેમભક્ત કવિ જયદેવ | ૩૮૮ | ૧૯૪૫ | ૩ |
| ૭ | વિક્રમાદિત્ય હેમુ | ૪૨૨ | ૧૯૪૪ | ૩ |
| ૮ | ભાગ્યનિર્માણ | ૨૬૨ | ૧૯૪૮ | ૨ |
| ૯ | દિલ્હીશ્વર | ૩૫૪ | ૧૯૫૧ | ૨ |
| ૧૦ | પ્રેમનું મંદિર (મત્સ્યગલાગલ) | ૩૪૪ | ૧૯૫૦ | ૩ |
| | (પ્રસ્તાવ: પંડિત સુખલાલજી) | | | |
| ૧૧–૧૨ | પ્રેમાવતાર ૧–૨ | ૬૦૭ | ૧૯૬૩ | ૧ |
| ૧૩–૧૪ | લોખંડી ખાખનાં ફૂલ ભા. ૧-૨ | ૭૫૦ | ૧૯૬૦ | ૨ |
| ૧૫ | નરકેસરી | ૨૬૬ | ૧૯૬૨ | ૪ |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧૬ | સંસારસેતુ (મહર્ષિ મેતારજ)<br>(પ્રસ્તાવ : કવિ શ્રી સુન્દરમ્) | ૩૬૦ | ૧૯૬૦ | ૪ |
| ૧૭–૧૮ | શત્રુ કે અજાતશત્રુ ભા. ૧–૨ | ૬૨૮ | ૧૯૬૧ | ૨ |
| ૧૯ | બૂરો દેવળ | ૨૯૨ | ૧૯૫૫ | ૨ |
| ૨૦ | દાસી જનમજનમની (બેઠો બળવો) | ૨૫૦ | | ૪ |

## નવલિકાસંગ્રહ

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૨૧ | માદરે વતન | ૨૫૬ | ૧૯૫૦ | ૨ |
| ૨૨ | યાદવાસ્થળી<br>(પ્રસ્તાવ: શ્રી. અનંતરાય મ. રાવળ) | ૧૧૨ | ૧૯૫૨ | ૧ |
| ૨૩ | માટીનું અત્તર | ૧૯૬ | ૧૯૬૩ | ૨ |
| ૨૨ | ગુલાબ ને કંટક | ૧૬૮ | | |
| ૨૫ | સતની બાંધી પૃથ્વી | ૨૧૬ | ૧૯૫૭ | ૨ |
| ૨૬ | ઉપવન | ૧૯૨ | ૧૯૪૪ | |
| ૨૭ | પારકા ઘરની લક્ષ્મી<br>(પ્રસ્તાવ: દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી) | ૩૨૪ | ૧૯૪૬ | ૪ |
| ૨૮ | કંચન અને કામિની<br>(પ્રસ્તાવ : શ્રી મધુસૂદન મોદી) | ૨૫૬ | ૧૯૫૦ | ૩ |
| ૨૯ | અંગના | ૨૨૨ | ૧૯૫૬ | ૧ |
| ૩૦ | કાજલ અને અરીસો | ૧૭૪ | ૧૯૬૨ | |
| ૩૧ | કન્યાદાન | ૧૭૬ | ૧૯૬૪ | |
| ૩૨ | કર લે સિંગાર<br>( પ્રેમપંથ પાવકની જ્વાલા ) | ૧૬૦ | ૧૯૫૯ | ૨ |
| ૩૩ | શૂલી પર સેજ હમારી<br>(પ્રસ્તાવ : ડૉ. ધીરુભાઈ ઠાકર) | ૧૫૬ | ૧૯૬૧ | ૩ |
| ૩૪ | મનવાની ટેકરી | ૨૪ | | |
| ૩૫ | કામનું ઔષધ | ૩૨ | | |
| ૩૬ | લીલો સાંઠો | ૨૮ | | |
| ૩૭ | પગનું ઝાંઝર | ૧૮૮ | ૧૯૬૭ | |
| ૩૮ | મનઝરૂખો | ૧૮૪ | ૧૯૬૫ | |
| ૩૯ | સિંહપુરુષ | ૨૧૩ | ૧૯૫૩ | ૧ |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૪૦ | દેવદૂષ્ય (પ્રસ્તાવ: ડૉ. ધીરુભાઈ ઠાકર) | ૧૮૪ | ૧૯૫૧ | ૧ |
| ૪૧ | ભગવાન મલ્લીનાથ | ૧૬૨ | ૧૯૪૯ | ૧ |
| ૪૨ | વીરધર્મની વાતો (પ્રસ્તાવ: મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી) | ૨૦૬ | ૧૯૪૭ | ૨ |
| ૪૩ | જયભિખ્ખુ વાર્તાસૌરભ ૧ ( સં. ડૉ. ધીરુભાઈ ઠાકર) | ૧૪૪ | ૧૯૫૬ | ૫ |
| ૪૪ | ,, ૨ | ૧૬૦ | ૧૯૫૬ | ૮ |
| ૪૫ | પાપ અને પુણ્ય ( શ્રી. સત્યમ્ સાથે ) | ૨૧૬ | ૧૯૫૮ | [illegible] |

## બાલસાહિત્ય

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૪૬ | રત્નનો દાબડો | ૧૪૪ | ૧૯૬૫ | ૧ |
| ૪૭ | હીરાની ખાણ | ૧૫૨ | ૧૯૬૪ | ૧ |
| ૪૮ | મૂઠી માણેક | ૧૫૦ | ૧૯૬૨ | |
| ૪૯ | પાલી પરવાળાં | ૧૫૨ | ૧૯૬૨ | ૩ |
| ૫૦ | નીલમનો બાગ (પ્રસ્તાવ: શ્રી કલ્યાણજી વી. મહેતા) | ૧૪૪ | ૧૯૬૭ | |
| ૫૧ | માણુ મોતી | ૧૦૨ | ૧૯૬૧ | ૧ |
| ૫૨ | આંબે આવ્યો મોર | ૧૫૨ | ૧૯૫૯ | ૨ |
| ૫૩ | ચપટી બોર | ૯૪ | ૧૯૬૦ | ૨ |
| ૫૪ | બૌદ્ધ ધર્મની પ્રાણીકથાઓ | ૧૦૬ | ૧૯૫૫ | ૧ |
| ૫૫ | હિંદુધર્મની પ્રાણીકથાઓ | ૯૨ | ૧૯૫૫ | ૧ |
| ૫૬ | જૈનધર્મની પ્રાણીકથાઓ (પ્રસ્તાવ: મુનિ કલ્યાણચંદ્રજી) | ૧૧૬ | ૧૯૫૦ | ૨ |
| ૫૭ | સર જાવે તો જાવે | ૭૦ | ૧૯૬૬ | ૧ |
| ૫૮ | જવાંમર્દ | ૧૪૨ | ૧૯૩૯ | ૪ |
| ૫૯ | એક કદમ આગે | ૧૫૮ | ૧૯૪૬ | ૩ |
| ૬૦ | નીતિકથાઓ ભા. ૧ | ૮૬ | ૧૯૫૨ | ૩ |
| ૬૧ | નીતિકથાઓ ભા. ૨ | ૮૪ | ૧૯૫૨ | ૨ |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૬૨ | નીતિકથાઓ ભા. ૩ | ૮૦ | ૧૯૫૬ | ૧ |
| ૬૩ | નીતિકથાઓ ભા. ૪ | ૮૦ | ૧૯૫૬ | ૧ |
| ૬૪ | દિલના દીવા | ૪૮ | | |
| ૬૫ | દેવના દીવા | ૪૮ | | |
| ૬૬ | દેરીના દીવા | ૪૮ | | |
| ૬૭ | દેશના દીવા | ૪૮ | | |
| ૬૮ | દીવે દીવા | ૪૮ | | |
| ૬૯ | બાર હાથનું ચીભડું–૧ | ૪૮ | ૧૯૬૩ | ૨ |
| ૭૦ | બાર હાથનું ચીભડું–૨ | ૪૮ | ૧૯૬૩ | ૨ |
| ૭૧ | તેર હાથનું બી–૧ | ૪૮ | ૧૯૬૩ | ૧ |
| ૭૨ | તેર હાથનું બી–૨ | ૪૮ | ૧૯૬૩ | ૧ |
| ૭૩ | છૂમંતર | ૪૮. | ૧૯૬૩ | ૧ |
| ૭૪ | બકરીબાઈની જે | ૪૮ | ૧૯૬૩ | ૧ |
| ૭૫ | નાનો પણ રાઈનો દાણો | ૪૮ | ૧૯૬૩ | ૧ |
| ૭૬ | શૂરાને પહેલી સલામ | ૪૮ | ૧૯૬૧ | ૧ |
| ૭૭ | ફૂલપરી | ૪૮ | ૧૯૬૧ | ૧ |
| ૭૮ | ગરુડજીના કાકા | ૪૮ | ૧૯૬૨ | ૧ |
| ૭૯ | ગજમોતીનો મહેલ | ૪૮ | ૧૯૬૦ | ૧ |
| ૮૦ | 'ઢ' માંથી ધૂરંધર | ૪૮ | ૧૯૬૦ | ૧ |
| ૮૧ | મા કડાનું મંદિર | ૪૮ | ૧૯૬૦ | ૨ |
| ૮૨ | ભારતના ભાગ્યવિધાતાઓ (શ્રી. સોમાભાઈ પટેલ સાથે) | ૮૮ | ૧૯૬૫ | ૫ |
| ૮૩ | મહાકાવ્યોની રસિક વાતો ( ,, ) | ૪૪ | ૧૯૬૪ | ૫ |
| ૮૪ | આત્મકથાનાં અમૃતબિંદુઓ | ૩૬ | ૧૯૩૧ | ૧ |
| ૮૫ | રૂપાનો ઘડો–સોનાની ઈંઢોણી | ૬૮ | ૧૯૬૬ | ૧ |
| ૮૬ | હિંમતેમર્દાં | ૧૫૨ | ૧૯૪૮ | ૩ |
| ૮૭ | ગઈ ગુજરી | ૧૩૨ | ૧૯૪૮ | ૩ |
| ૮૮ | માઈનો લાલ | ૨૦૨ | ૧૯૫૮ | ૭ |
| ૮૯ | રાષ્ટ્રીય મહાસભાનાં પચાસ પગલાં | ૨૬ | | |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૯૦ | જાદુકલા અને શ્રી કે. લાલ | ૨૮ | ૧૯૬૫ | ૧ |
| ૯૧ | પલ્લવ | ૩૬ | ૧૯૬૩ | ૧ |
| ૯૨ | લાખેણી વાતો | ૨૬૪ | ૧૯૫૬ | ૨ |
| ૯૩ | અક્ષય તૃતીયા | ૪૮ | | ૩ |
| ૯૪ | રાજા શ્રીપાલ | ૭૨ | | ૪ |
| ૯૫ | The Temple of Ma-kada | ૬૦ | ૧૯૬૦ | |

## ચરિત્રો

| | | | | |
|---|---|---|---|---|
| ૯૬ | નિર્ગ્રંથ ભગવાન મહાવીર | ૩૦૦ | ૧૯૫૬ | ૧ |
| ૯૭ | ભગવાન મહાવીર (સચિત્ર) | ૨૦૬ | ૧૯૫૭ | ૩ |
| ૯૮ | યજ્ઞ અને ઇંધન | ૧૪૬ | | ૨ |
| ૯૯ | સિદ્ધરાજ જયસિંહ | ૧૯૨ | ૧૯૬૦ | ૧ |
| ૧૦૦ | શ્રી સોમનાથ ભગવાન | ૧૦૦ | | |
| ૧૦૧ | ઉદા મહેતા | ૧૭૪ | ૧૯૫૮ | ૧ |
| ૧૦૨ | શ્રી ચારિત્રવિજય | ૧૭૫ | ૧૯૩૬ | ૧ |
| ૧૦૩ | યોગનિષ્ઠ આચાર્ય | ૫૨૪ | ૧૯૫૦ | |
| ૧૦૪ | મંત્રીશ્વર વિમલ | ૧૪૪ | ૧૯૬૨ | ૨ |
| ૧૦૫ | દહીંની વાટકી | ૫૨ | ૧૯૫૯ | ૨ |
| ૧૦૬ | ફૂલની ખુશબો (પ્રસ્તાવ : ડૉ. ધીરુભાઈ ઠાકર) | ૧૭૬ | ૧૯૬૦ | ૧ |
| ૧૦૭ | મોસમનાં ફૂલ (પ્રસ્તાવ : શ્રી. શાંતિલાલ ગાંધી) | ૧૨૮ | ૧૯૬૦ | ૧ |
| ૧૦૮ | ફૂલ વિલાયતી | ૧૨૦ | ૧૯૬૦ | ૧ |
| ૧૦૯ | ફૂલ નવરંગ | ૧૩૬ | ૧૯૬૦ | ૧ |
| ૧૧૦ | પ્રતાપી પૂર્વજો (વીર નરનારીઓ) (સ્વ. શ્રી ધૂમકેતુ સાથે) | ૭૬ | ૧૯૫૪ | ૨ |
| ૧૧૧ | પ્રતાપી પૂર્વજો (નરોત્તમો) ( ,, ) | ૭૬ | ૧૯૫૪ | ૨ |
| ૧૧૨ | પ્રતાપી પૂર્વજો (સંત મહંતો) ( ,, ) | ૬૪ | ૧૯૫૪ | ૨ |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧૧૩ | પ્રતાપી પૂર્વજો (ધર્મસંસ્થાપકો) ( ,, ) | ૭૬ | ૧૯૫૪ | ૨ |
| ૧૧૪ | ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી | ૪૦ | ૧૯૩૭ | ૧ |
| ૧૧૫ | ધર્મજીવન | ૧૦ | ૧૯૨૭ | ૧ |
| ૧૧૬ | હરગોવિંદદાસ ત્રીકમચંદ શેઠની જીવનઝરમર | ૨૨ | | ૧ |
| ૧૧૭ | મહાન આચાર્ય આર્ય કાલક | ૩૨ | ૧૯૫૦ | ૧ |
| ૧૧૮ | હંસમયૂર નાટક કે કર્તા શ્રી વર્માજી કે પ્રત્યુત્તરકા પ્રતિવાદ | ૧૨ | ૧૯૫૧ | . |
| ૧૧૯ | મંગલ જીવનકથા | ૪૨ | ૧૯૩૧ | ૧ |

## નાટકો

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૦ | રસિયો વાલમ | | | |
| ૧૨૧ | આ ધૂળ આ માટી | ૫૪ | ૧૯૬૪ | ૧ |
| ૧૨૨ | પતિતપાવન | ૪૮ | ૧૯૫૩ | ૩ |
| ૧૨૩ | બહુરૂપી | | | |
| ૧૨૪ | પન્ના દાઈ | | | |
| ૧૨૫ | ગીતગોવિંદનો ગાયક | | | |

## હિન્દી

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨૬ | વીરધર્મકી કહાનિયાં (પ્રસ્તાવ: ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ) | ૧૫૨ | ૧૯૫૪ | ૧ |
| ૧૨૭ | ,, પ્રાણીકથાયેં | ૧૧૨ | ૧૯૫૪ | ૧ |
| ૧૨૮ | ભગવાન મહાવીર | | | |
| ૧૨૯ | જાગે તબ સબેરા | | | |

## પ્રકીર્ણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩૦ | અંતરાયકર્મની પૂજા | ૬૮ | ૧૯૬૪ | ૧ |
| ૧૩૧ | બાર વ્રતની પૂજા | ૭૮ | ૧૯૬૩ | ૧ |
| ૧૩૨ | દેવદાસ (અનુવાદ) (શ્રી. રતિલાલ દેસાઈ સાથે) | | | |
| ૧૩૩ | સોવેનિયર શ્રી. યશોવિજય ગ્રંથમાળા | | | |
| ૧૩૪ | મહારાજા સયાજીરાવ | | | |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
| --- | --- | --- | --- | --- |

## સદ્‌વાચનમાળા શ્રેણી ૧

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| ૧૩૫ | દીવો ને પતંગિયું | ૨૪ | ૧૯૫૬ | ૩ |
| ૧૩૬ | રાધા અને કહાન | ૩૨ | ,, | ૨ |
| ૧૩૭ | કામનું ઔષધ કામ | ૨૮ | | |
| ૧૩૮ | અમર કૂંપો | ૨૦ | | |
| ૧૩૯ | સૌભાગ્યસુંદરી | ૨૪ | ૧૯૫૬ | ૩ |
| ૧૪૦ | નારી તું નારાયણી | ૨૪ | | |
| ૧૪૧ | અઢાર નાતરાં | ૧૮ | | |
| ૧૪૨ | નિર્વંશનું વરદાન | ૧૬ | | ૩ |
| ૧૪૩ | દેરાણી–જેઠાણીના ગોખ | ૨૪ | | |
| ૧૪૪ | અણમાનીતી | ૨૦ | ૧૯૫૬ | ૩ |
| ૧૪૫ | રૂપજ્યોતિ | ૧૬ | | ૩ |

## સદ્‌વાચનમાળા શ્રેણી ૨

૧૪૬ માણસ ! તું મોટો
૧૪૭ માનવી ! તું ખોટો
૧૪૮ ઘરથી સારી ધર્મશાળા
૧૪૯ લેખા અને ઇલાચી
૧૫૦ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ
૧૫૧ માયામંદિર
૧૫૨ કળિજુગ
૧૫૩ અવગતિયો આત્મા
૧૫૪ લોકધર્મની ધજા
૧૫૫ જીવણરામ
૧૫૬ ભવની ભવાઈ

## સદ્‌વાચનમાળા શ્રેણી ૩

૧૫૭ જળમાં કમળ
૧૫૮ કાચી માટીનાં ભીંતડાં

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧૫૯ | દીકરા કે દિ ફર્યા | | | |
| ૧૬૦ | ગંગાવતરણ | | | |
| ૧૬૧ | કવિનું મન | | | |
| ૧૬૨ | શંકા અને શ્રદ્ધા | | | |
| ૧૬૩ | કઠિનમાં કઠિન કામ | | | |
| ૧૬૪ | સ્વર્ગ અને નરક | | | |
| ૧૬૫ | સોનાની મેડી | | | |
| ૧૬૬ | મૂઠી રાઈ | | | |
| ૧૬૭ | દેવતાઈ વસ્ત્ર | | | |


## સદ્‌વાચનમાળા શ્રેણી ૪


| | | |
|---|---|---|
| ૧૬૮ | અઢી અક્ષરની સાધના | ૨૦ |
| ૧૬૯ | જીવો અને જીવવા દો | ૨૦ |
| ૧૭૦ | હું શું માગું | ૧૬ |
| ૧૭૧ | ૯૮ નો છત ૨ ની અછત | ૨૦ |
| ૧૭૨ | વિનયરત્ન | ૨૮ |
| ૧૭૩ | વાદિવૈતાલ | ૩૨ |
| ૧૭૪ | સાગરસફરી | ૧૬ |
| ૧૭૫ | શણગટ સસરો, અણઘડ વહુ | ૨૪ |
| ૧૭૬ | ઉત્તર સાધક | ૨૦ |
| ૧૭૭ | છેલ્લો પ્યાલો | ૧૬ |
| ૧૭૮ | સંતોનો સંઘ | ૨૨ |


## સદ્‌વાચનમાળા શ્રેણી ૫


| | | |
|---|---|---|
| ૧૭૯ | ભાભી | ૧૬ |
| ૧૮૦ | જીવનની જાતર | ૧૬ |
| ૧૮૧ | કાળી પાની | ૨૦ |
| ૧૮૨ | અહો રાયજી | ૨૪ |
| ૧૮૩ | ધરમદાસ | ૨૦ |
| ૧૮૪ | ઇસ તન-ધનકી કૌન બડાઈ | ૨૪ |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
| --- | --- | --- | --- | --- |
| ૧૮૫ | પોપાબાઈનું રાજ | ૩૬ | | |
| ૧૮૬ | કાકીમાનું સરગ | ૨૪ | | |
| ૧૮૭ | કાળો પહાડ | ૨૨ | | |
| ૧૮૮ | તિલકમણિ | ૨૦ | | |
| ૧૮૯ | નારાયણનો નમૂનો | ૨૮ | | |

## સદ્વાચનમાળા શ્રેણી ૬

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| ૧૯૦ | દેહ મલ્લનો, દિલ ફૂલનું | ૨૦ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૧ | રઈદાસ | ૨૨ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૨ | દેવાનંદા | ૩૨ | ૧૯૬૪ | |
| ૧૯૩ | લાખેણાં હાડ | ૨૮ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૪ | વ્યક્તિ ને સમષ્ટિ | ૧૬ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૫ | ઈશ્વર જડયા | ૨૦ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૬ | પંજૂ ભટ્ટજી | ૨૦ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૭ | આનંદ ! આનંદ આજ | ૨૬ | ૧૯૬૪ | ૧ |
| ૧૯૮ | ખરબચડા પથ્થર | ૨૪ | ૧૯૬૪ | |
| ૧૯૯ | હાથનો મેલ | ૨૮ | ૧૯૬૪ | ૧ |
| ૨૦૦ | રંગમાં રંગ તાળી | ૩૬ | ૧૯૬૪ | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૧

| | | | | |
| --- | --- | --- | --- | --- |
| ૨૦૧ | શ્રીકૃષ્ણ | ૨૪ | | |
| ૨૦૨ | ભગવાન બુદ્ધ | ,, | | |
| ૨૦૩ | વીર હનુમાન | ,, | | |
| ૨૦૪ | ભડવીર ભીષ્મ | ,, | | |
| ૨૦૫ | ચક્રવર્તી ચંદ્રગુપ્ત | ,, | | |
| ૨૦૬ | રાજા ભરથરી | ,, | | |
| ૨૦૭ | ભક્ત સૂરદાસ | ,, | | |
| ૨૦૮ | નરસિંહ મહેતા | ,, | | |
| ૨૦૯ | મીરાંબાઈ | ,, | | |
| ૨૧૦ | લોકમાન્ય તિલક | ,, | | |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૨

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧૧ | આદ્યકવિ વાલ્મીકિ | ૨૪ | | |
| ૨૧૨ | મુનિરાજ અગસ્ત્ય | ,, | | |
| ૨૧૩ | શકુન્તલા | ,, | | |
| ૨૧૪ | દાનેશ્વરી કર્ણ | ,, | | |
| ૨૧૫ | સ્વામી વિવેકાનંદ | ,, | | |
| ૨૧૬ | પંડિત મદનમોહન માલવીય | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૩

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧૭ | વીર દુર્ગાદાસ | ૨૪ | | |
| ૨૧૮ | મહારાણા પ્રતાપ | ,, | | |
| ૨૧૯ | સિક્કીમનો સપૂત | ,, | | |
| ૨૨૦ | દાનવીર જગડુ | ,, | | |
| ૨૨૧ | સિદ્ધરાજ જયસિંહ | ,, | | |
| ૨૨૨ | જગતશેઠ | ,, | | |
| ૨૨૩ | વીર વિઠ્ઠલભાઈ | ,, | | |
| ૨૨૪ | પ્રો. કર્વે | ,, | | |
| ૨૨૫ | એની બેસંટ | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૪

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨૬ | રસકવિ જગન્નાથ | ૨૪ | | |
| ૨૨૭ | છત્રપતિ શિવાજી | ,, | | |
| ૨૨૮ | સમર્થ સ્વામી રામદાસ | ,, | | |
| ૨૨૯ | ચાંદબીબી | ,, | | |
| ૨૩૦ | મહાત્મા કબીર | ,, | | |
| ૨૩૧ | શ્રી ત્રિભોવનદાસ ગજ્જર | ,, | | |
| ૨૩૨ | બાબુ રાજેન્દ્રપ્રસાદ | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૫

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩૩ | મહારાજા કુમારપાળ | ૨૪ | | |
| ૨૩૪ | રાજા રણજિતસિંહ | ,, | | |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૨૩૫ | લક્ષ્મીબાઈ | ,, | | |
| ૨૩૬ | શ્રી. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર | ,, | | |
| ૨૩૭ | શ્રી. મહાદેવ ગોવિંદ રાનડે | ,, | | |
| ૨૩૮ | શ્રી. ગોપાલકૃષ્ણ ગોખલે | ,, | | |
| ૨૩૯ | શ્રી. ગોવર્ધનરામ | ,, | | |
| ૨૪૦ | શ્રી. જવાહરલાલ નેહરુ | ,, | | |
| ૨૪૧ | શ્રી. સુભાષચંદ્ર બોઝ | ,, | | |
| ૨૪૨ | તારામંડળ | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૬

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪૩ | કર્મદેવી અને મેવાડની વીરાંગનાઓ | ૨૪ | | |
| ૨૪૪ | સર ટી. માધવરાવ | ,, | | |
| ૨૪૫ | ઝંડુ ભટ્ટજી | ,, | | |
| ૨૪૬ | શિલ્પી કરમારકર | ,, | | |
| ૨૪૭ | સ્વ. હાજીમહમદ | ,, | | |
| ૨૪૮ | વીર લધાભા | ,, | | |
| ૨૪૯ | દ્વારકા | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૭

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫૦ | વીર કુણાલ. | ૨૪ | | |
| ૨૫૧ | મહામંત્રી મુંજાલ | ,, | | |
| ૨૫૨ | જયકૃષ્ણ ઇન્દ્રજિત | ,, | | |
| ૨૫૩ | સયાજીરાવ ગાયકવાડ | ,, | | |
| ૨૫૪ | મહાવીરપ્રસાદ દ્વીવેદી | ,, | | |
| ૨૫૫ | મહાકવિ નાનાલાલ | ,, | | |
| ૨૫૬ | પ્રો. રામમૂર્તિ | ,, | | |
| ૨૫૭ | અબ્દુલ ગફારખાન | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૮

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫૮ | કવિ નર્મદ | ૨૪ | | |
| ૨૫૯ | કસ્તૂરબા | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૯

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬૦ | વીર બાલાજી | ૨૪ | | |
| ૨૬૧ | પંડિત વિષ્ણુ દિગંબર | ,, | | |

## વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૧૦

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬૨ | પઢિયારજી | ૨૪ | | |
| ૨૬૩ | રાજા રવિવર્મા | ,, | | |
| ૨૬૪ | શરદબાબુ | ,, | | |
| ૨૬૫ | શ્રી. મોતીભાઈ અમીન | ,, | | |
| ૨૬૬ | અહમદાબાદ | ,, | | |

## જૈન બાલ ગ્રંથાવલી શ્રેણી ૧

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬૭ | રાજા શ્રીપાલ | | | |
| ૨૬૮ | વિમલશા | | | |
| ૨૬૯ | શત્રુંજય | | | |

## જૈન બાલ ગ્રંથાવલી શ્રેણી ૨

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭૦ | ભગવાન શાંતિનાથ | | | |
| ૨૭૧ | સ્થૂલિભદ્ર | | | |
| ૨૭૨ | અક્ષયતૃતીયા કથા | | | |
| ૨૭૩ | મહામંત્રી ઉદયન | | | |

## પરિશિષ્ટ

### સંપાદન કરેલ પુસ્તકો

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭૪ | સર્વોદય વાચનમાળા બાળપોથી (ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે) | ૨૪ | ૧૯૫૯ | ૨ |
| ૨૭૫ | ,, ૧ લી ચોપડી | ૩૨ | ૧૯૫૯ | ૬ |
| ૨૭૬ | ,, ૨ જી ચોપડી | ૯૮ | ૧૯૫૯ | ૫ |
| ૨૭૭ | ,, ૩ જી ચોપડી | ૧૨૬ | ૧૯૫૯ | ૫ |
| ૨૭૮ | ,, ૪ થી ચોપડી | ૧૫૬ | ૧૯૬૨ | |

| ક્રમ | પુસ્તક | પૃષ્ઠ | પ્રકાશનસાલ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૨૭૯ | સાહિત્ય કિરણાવલી ભા. ૧ | ૧૯૦ | ૧૯૫૪ | |
| ૨૮૦ | ,, ભા. ૨ | ૨૧૬ | ૧૯૫૪ | |
| ૨૮૧ | ,, ભા. ૩ | ૨૪૨ | ૧૯૫૪ | |
| ૨૮૨ | વિશ્વવિજ્ઞાન : ભારત તીર્થકથા વિશેષાંક | ૨૦૦ | ૧૯૬૨ | |
| ૨૮૩ | ,, : નરનારાયણ વિશેષાંક | ૧૧૨ | ૧૯૬૦ | |
| ૨૮૪ | ,, : અમર દાંપત્ય અંક | | | |
| ૨૮૫ | વિશ્વવિજ્ઞાન : વાર્તા અંક | ૨૦૮ | ૧૯૬૧ | |
| ૨૮૬ | વિશ્વવિજ્ઞાન : શ્રીકૃષ્ણ વાસુદેવ વિશેષાંક | ૧૦૮ | ૧૯૬૧ | |
| ૨૮૭ | વિશ્વમંગલ:(વિદેશીયનીતિકથા અંક) | ૨૨૮ | ૧૯૫૯ | |
| ૨૮૮ | વિશ્વવિજ્ઞાન : પર્વકથા વિશેષાંક | ૨૦૮ | | |
| ૨૮૯ | સવિતા : ધર્મકથા અંક | | | |
| ૨૯૦ | રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રંથ | | ૧૯૫૭ | |
| ૨૯૧ | નકલંક મોતી | ૧૧૨ | ૧૯૬૧ | |
| ૨૯૨ | દર્શન અને ચિંતન ભા. ૧–૨ | | | |
| ૨૯૩–૪ | જાણ્યું છતાં અજાણ્યું ભાગ. ૧–૨ | | | |

## પરિશિષ્ટ

| | | |
|---|---|---|
| ૧ | મહાવીર જૈનવિદ્યાલય સુવર્ણમહોત્સવ ગ્રંથ ભા. ૨ | સંપાદન |
| ૩૫ | જૈન બાળ ગ્રંથાવલી પુસ્તિકાઓ | ,, |
| ૧૩૫ | વિદ્યાર્થી વાચનમાળા પુસ્તિકાઓ | ,, |
| ૧ | સાત ફૂલ સોનાનાં | (લેખન) |
| ૧ | વસહી અને પર્વત | (પ્રેસમાં) |
| | વસ્તુપાલ–તેજપાલ | (લેખન) |

★

## ભારત સરકાર અને ગુજરાત સરકાર
## તરફથી
## ઇનામને પાત્ર થયેલાં પુસ્તકો

*

બહુરૂપી ( નાટક )

*

બૌદ્ધ ધર્મની પ્રાણીકથાઓ

*

દિલના દીવા
( બાલ સાહિત્ય, પ્રૌઢ સાહિત્ય ને અંગ્રેજી–એમ ૩ ઇનામ )

*

મા કડાનું મંદિર

*

ફૂલની ખુશબો

*

મોસમનાં ફૂલ

*

સિદ્ધરાજ જયસિંહ

*

પાલી પરવાળાં

*

મૂઠી માણેક

*

હીરાની ખાણ

*

નીલમનો બાગ

*

સાત ફૂલ સોનાનાં

*

સર જાવે તો જાવે

*

અધ્યાત્મ જ્ઞાન પ્રસારક
મંડળ તરફથી સુવર્ણચંદ્રક

**ચક્રવર્તી ભરતદેવ**

---

[illegible]

# સદ્‌ભાવના

✍ "જ્ઞાનધન, ચારિત્રધન, દર્શનધન–જે જગતના ચોગાનમાં મૂકે તે સૌનો સદ્‌ભાવનાપૂર્વક આદર કરો."

—મુનિ ચંદ્રપ્રભસાગરજી

✍ ...મેં જોયું છે કે એમનું સાહિત્ય સંસ્કારપ્રેરક હોય છે. જીવનની નિર્મળ દૃષ્ટિ કેળવવામાં એમનું સાહિત્ય ઘણું ઉપયોગી નીવડે તેવું છે. આ દૃષ્ટિએ એમની સાહિત્યસેવા બહુમૂલ્ય ગણાય.

—ડોલરરાય માંકડ

✍ શ્રી જયભિખ્ખુનુ સાહિત્યકાર્ય વિપુલ અને પ્રશંસનીય છે. સદ્‌વિચાર, સદ્‌વૃત્તિ, સદાચાર અને શુદ્ધ ધર્મને કલાની સૂક્ષ્મ રીતિથી પુષ્ટિ આપે એવું એમનુ લખાણુ સુગમ અને રોચક હોય છે. પરમાત્મા શ્રી જયભિખ્ખુને તંદુરસ્તી, સો વર્ષનું આયુષ્ય અને સર્વ પ્રકારની અનુકૂળતા આપો, જેથી સાહિત્ય દ્વારા લોકસેવાનું તેમનું કાર્ય ચાલુ રહે.

—પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

✍ વિશાળ વાચકસમાજને ઉન્નત ભાવનાઓથી પરિતૃપ્ત કરનાર સંનિષ્ઠ લેખકનું આટલે દૂર વસેલો ગુજરાતી સમાજ બહુમાન કરે એ ઘટના પોતે શ્રી જયભિખ્ખુ વિશે ઘણું ઘણું કહી જાય છે. આખરે સાહિત્ય ભાવનાઓથી ને મૂલ્યોથી સમાજને એકત્વ અનુભવાવે છે–જૂનાં મૂલ્યોને ઉચ્છેદવાની અને નવાં મૂલ્યો સ્થાપવાની પ્રક્રિયામાં પણુ સિદ્ધાંત તો એ જ છે–અને શ્રી જયભિખ્ખુએ આ કામ મનભર રીતે વર્ષોથી બજાવ્યું છે.

શ્રી એચ. કે. કોલેજ, અમ. —પ્રિન્સી. યશવંત શુક્લ

✍ શ્રી જયભિખ્ખુએ જૈનધર્મની સુંદર અને રહસ્યબોધક કથાઓ તથા તેના નાયકોને જૈન ધર્મની ઉજળપ વધારે એ રીતે જૈન સાથે વિશાળ જૈનેતર વાચક સમુદાય આગળ રસાળ તથા છટાવાળી અને બિનસાંપ્રદાયિક લખાવટમાં રજૂ કરી જૈન ધર્મની મોટી સેવા બજાવી છે એને માટે તેમજ ઇતર સર્જન માટે નવલકથા, વાર્તા, નાટક, વગેરે સાહિત્ય પ્રકારનો સફળ ઉપયોગ કરી પોતાની ઝમકદાર શૈલીથી તેમણે પોતાનો એક વાચક વર્ગ ઉભો કરી લીધો છે, એ તેમની સાહિત્યક્ષેત્રીય સેવા એટલી જ નોંધપાત્ર છે. બાળકો અને તરુણો માટેના તેમના પ્રેરક સાહિત્યનો પણુ સાભાર ઉલ્લેખ કરવો જોઈએ. આવા સફળ લોકપ્રિય લેખક અને સહૃદય ને સ્નેહાળ સજ્જનતાથી અનેકોને સહેજમાં મિત્રો કરી શકનાર શ્રી જયભિખ્ખુની ષષ્ટિપૂર્તિ આપ સૌ મિત્રો-પ્રશંસકો ઊજવો છો તે માટે મારી ખુશાલી વ્યકત કરું છું.

ડાયરેક્ટર ઑફ લેંગ્વેજીઝ : ગુજરાત રાજ્ય —પ્રો. અનંતરાય મ. રાવળ

# શુભેચ્છાઓ

Through his writings Shri Jaibhikhkhu has attained a unique status in the world of letters. that he is being honoured in that context, solicits one's further adulation.

Chief Minister : Gujarat State — **Hitendra Desai**

**શ્રી જયભિખ્ખુ** એ ઉચ્ચ કોટિના સાહિત્ય સર્જક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેઓ સ્વભાષા અને સ્વદેશની સેવા કરવા દીર્ઘાયુ બનો એવી પ્રાર્થના.

શિક્ષણ પ્રધાન : ગુજરાત રાજ્ય — **ગોરધનદાસ ચોખાવાલા**

**શ્રી જયભિખ્ખુની** સાહિત્યસેવાથી ભાગ્યે જ કોઈ ગુજરાતી અજાણ હશે. આવા સાહિત્યના મેખધારીનું કલકત્તામાં એટલે કે કવિવર ટાગોર, શરદબાબુ અને બંકિમચદ્ર જેવાની ભૂમિમાં સન્માન થાય છે, તે ગુજરાતી સાહિત્યકારનું સન્માન ઉપરાંત ગુજરાતનું સન્માન છે.

નાણાપ્રધાન : ગુજરાત રાજ્ય — **જશવંત મહેતા**

**તેમનું** સન્માન તો તેમના વાચકોના હૃદયમાં થઈ જ ગયેલું છે. તેમનાં અનેક પુસ્તકો અને પ્રાણવાન ચારિત્રલેખો અને કથાઓએ સંસ્કાર અને ચારિત્ર ઘડતરનું બુનિયાદી કાર્ય કરેલું છે, અને અનેકોને પ્રેરણા આપ્યા કરી છે.

ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન, ગુજરાત રાજ્ય — **ઇન્દુમતીબેન શેઠ**

**પોતાના** સાહિત્ય દ્વારા શ્રી જયભિખ્ખુએ ગુજરાતની જનતાના હૃદયમાં સારું સ્થાન મેળવ્યું છે, અને ગુજરાતી સાહિત્યની પણ સુંદર સેવા બજાવી છે.

ડિરેક્ટર : માહિતી ખાતું; ગુજરાત રાજ્ય — **મણિભાઈ શાહ**

**તેમણે** સર્જનના વિવિધ પાસાંઓને કુશળતાપૂર્વક સ્પર્શીને ગુજરાતના આબાળ-વૃદ્ધ સૌની ઉચ્ચ રસવૃત્તિને પોષી છે

સ્પીકર : ગુજરાત રાજ્ય વિધાનસભા — **રાઘવજીભાઈ લેઉઆ**

પ્રકાશક : મંત્રી : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩બી, ચંદ્રનગર, સરખેજ રોડ, અમદાવાદ-૭
મુદ્રક : દીપક પ્રિન્ટરી, અમદાવાદ-૧